નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 28/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

અમરેલી જિલ્લામાં ઠંડીનો ચમકારો વધ્યો, લઘુત્તમ તાપમાન 13.4 ડિગ્રી નોંધાયું



અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનો માહોલ યથાવત્ રહેવા સાથે તાપમાનના પારામાં ઘટાડો નોંધાતાં ઠંડીનું જોર વધ્યું છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડકનો અનુભવ વધુ તીવ્ર બન્યો છે. અમરેલી શહેરમાં આજે લઘુત્તમ તાપમાન 13.4 ડિગ્રી નોંધાયું હતું, જે ગઈકાલના 14.8 ડિગ્રીની સરખામણીએ 1.4 ડિગ્રી ઓછું છે.શહેરમાં મહત્તમ તાપમાન 32.9 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સવારે હવામાં ભેજનું પ્રમાણ 41 ટકા રહ્યું હતું. છેલ્લા એક સપ્તાહથી લઘુત્તમ તાપમાન 15 ડિગ્રીથી નીચે રહેતાં ઠંડીની અસર સતત અનુભવાઈ રહી છે. પવનની ગતિ પણ નહિવત્ રહેવા છતાં રાત્રિ અને સવારના સમયે ઠંડીનો અહેસાસ વધી રહ્યો છે.અમરેલી જિલ્લાના જિલ્લાના ધારી-ગીર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વહેલી સવારે ઠંડીની અસર જોવા મળી રહી છે. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ઊંચું રહેતું હોવાથી બપોરના સમયે ગરમીનો અનુભવ થાય છે, જ્યારે સવાર અને રાત્રિના તાપમાનમાં ઘટાડાને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી રહી છે. હવામાન વિભાગના અહેવાલ મુજબ અમરેલીમાં આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેવાની આગાહી છે. આગામી દિવસોમાં પણ લઘુત્તમ તાપમાન 13થી 15 ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

ડે.ડી NEWS

તારીખ : 28/11/2026

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે રૂ. ૧૫ કરોડના પીઠવડી–ગાધકડા–ગણેશગઢ–વિજપડી સ્ટેટ રોડનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલા હસ્તે ખાતમુહૂર્ત. કરવામા આવ્યુ





આ માર્ગના નિર્માણથી પીઠવડી, ગાધકડા, ગણેશગઢ, વિજપડી સહિત આસપાસનાં અનેક ગામોના નાગરિકોને પરિવહનની ઉત્તમ સુવિધા મળશે.

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ અને માળખાકીય સુવિધાઓના વિસ્તરણની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. ગાધકડા ગામ ખાતે રૂ. ૧૫ કરોડના ખર્ચે નિર્માણ થનાર પીઠવડી–ગાધકડા–ગણેશગઢ–વિજપડી સ્ટેટ રોડનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલા હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ વિકાસકાર્યથી સમગ્ર વિસ્તારના માર્ગ પરિવહનને નવી દિશા મળશે અને ગ્રામ્ય જનજીવન વધુ સુવિધાજનક બનશે.સાવરકુંડલા તાલુકાના પીઠવડી, ગાધકડા, ગણેશગઢ અને વિજપડી સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોને જોડતો આ માર્ગ સ્થાનિક નાગરિકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. લાંબા સમયથી ગ્રામ્ય વિસ્તારોમાં સારી માર્ગ સુવિધાની જરૂરિયાત અનુભવાતી હતી, ત્યારે રૂ. ૧૫ કરોડના ખર્ચે આ સ્ટેટ રોડનું નિર્માણ થવાથી નાગરિકોને અવરજવરમાં નોંધપાત્ર સરળતા મળશે.આ માર્ગનું નિર્માણ પૂર્ણ થયા બાદ આસપાસનાં ગામોના નાગરિકોને વધુ સુગમ, સુરક્ષિત અને ઝડપી પરિવહન સુવિધા ઉપલબ્ધ બનશે. ખાસ કરીને વિદ્યાર્થીઓને શાળાઓ અને ઉચ્ચ અભ્યાસ માટે આવનજાવન કરવામાં સરળતા રહેશે. ખેડૂતોને પોતાની કૃષિ પેદાશો બજાર સુધી પહોંચાડવામાં અનુકૂળતા મળશે, જ્યારે વેપારીઓ અને નાના ધંધાર્થીઓને પણ પરિવહન વ્યવસ્થા વધુ સુદ્રઢ બનવાથી લાભ થશે.આ ઉપરાંત આરોગ્યલક્ષી સેવાઓ માટે દર્દીઓને નજીકનાં શહેરો અને આરોગ્ય કેન્દ્રો સુધી પહોંચવામાં સરળતા રહેશે. ગામડાંઓ વચ્ચેનું અંતર વ્યવહારિક રીતે ઘટશે અને સામાજિક, શૈક્ષણિક તથા આર્થિક પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન મળશે.સારા રસ્તા એ કોઈપણ વિસ્તારના વિકાસની પાયાની જરૂરિયાત છે. માર્ગ સુવિધાઓ મજબૂત બને ત્યારે શિક્ષણ, આરોગ્ય, કૃષિ, વેપાર અને રોજગારી સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં વિકાસની નવી તકો ઊભી થાય છે પીઠવડી–ગાધકડા–ગણેશગઢ–વિજપડી સ્ટેટ રોડનું નિર્માણ પણ આ જ દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે.આ માર્ગના કારણે ગ્રામ્ય વિસ્તારના નાગરિકોનો સમય અને મુસાફરીની મુશ્કેલીઓ ઘટશે તેમજ સ્થાનિક વિકાસને નવી ગતિ મળશે. ખાસ કરીને ખેડૂતો અને ગ્રામ્ય વેપારીઓ માટે આ માર્ગ આર્થિક પ્રવૃત્તિઓને વધુ સરળ બનાવવામાં મદદરૂપ બનશે.ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના સતત પ્રયાસો અને ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના વિકાસલક્ષી અભિગમના પરિણામે સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારમાં વિવિધ વિકાસકાર્યોને સતત વેગ મળી રહ્યો છે.

માર્ગો, પુલ, શિક્ષણ, આરોગ્ય, પાણી અને અન્ય માળખાકીય સુવિધાઓના વિકાસને પ્રાથમિકતા આપીને વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.રૂ. ૧૫ કરોડના ખર્ચે નિર્માણ થનાર આ માર્ગ પણ સાવરકુંડલા તાલુકાના વિકાસના નકશામાં એક મહત્વપૂર્ણ ઉમેરો બની રહેશે.

આ વિકાસકાર્યથી ગાધકડા -પીઠવડી– ગાધકડા–ગણેશગઢ– વિજપડી સ્ટેટ રોડનું ખાતમુહૂર્ત માત્ર એક માર્ગના નિર્માણની શરૂઆત નથી, પરંતુ ગ્રામ્ય વિસ્તારની સુવિધા, સમૃદ્ધિ અને પ્રગતિ તરફ આગળ વધતું એક મહત્વપૂર્ણ પગલું છે.આ ખાતમુહૂર્તમા રજનીભાઈ ડોબરીયા પ્રમુખ તાલુકા ભાજપ,મહામંત્રી ચંદ્રેશ રામાણી,દિપકભાઈ માલાણી ચેરમેન માર્કેટીંગ યાર્ડ સાવરકુંડલા,મુકેશભાઈ મહીડા પ્રમુખ પ્રતિનિધિ તાલુકા પંચાયત,મુકેશભાઈ આદ્રોજા પ્રતિનિધિ ,ભીખુભાઈ વાઘમશી,જીલ્લા પંચાયત,ઉદ્યોગપતિ ગોવિંદભાઈ કયાડા,તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ ,તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ,સરપંચશ્રીઓ, સંગઠન હોદ્દેદારશ્રીઓ, ગામના આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહા

KD NEWS
SAVARKUNDLA

તમારા વિસ્તારના સમાચાર
હવે KD News સુધી પહોંચાડો!

તમારા આસપાસ બનતી કોઈ **મહત્વપૂર્ણ ઘટના** હોય,
સામાજિક કે ધાર્મિક **કાર્યક્રમ** હોય, **સેવાકીય પ્રવૃત્તિ** હોય,
જાહેર સમસ્યા હોય કે કોઈ **વિશેષ સિદ્ધિ**ની વાત હોય...









ફોટો | વીડિયો | જરૂરી માહિતી

સાથે અમને મોકલો.

તમારો અવાજ બનશે KD News!

તમારા વિસ્તારની દરેક નાની-મોટી ખબર
લોકો સુધી પહોંચાડવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

WhatsApp કરો
9499797973



KD News – તમારા વિસ્તારનો વિશ્વાસુ સમાચાર સાથી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 28/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

હા...હા... ઘર આંગણાની ઓફર
જે તમને બનાવશે માલામાલ...

ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭





DOUBLE DHAMAKA CAR OFFER - 2027
CAR-PATI
KAUN BENEGA MALAMAL - 2027















T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન ફ્રી

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.કે NEWS

તારીખ : 28/11/2026

સાવરકુંડલા તાલુકાના લુવારા ગામે ૩. ૧.૨૫ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ ગ્રામજનોને મળી નવી સુવિધાઓની ભેટ





સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારના લુવારા ગામ ખાતે વિકાસકાર્યોની શ્રેણીમાં કુલ ૩. ૧.૨૫ કરોડના ખર્ચે પૂર્ણ થયેલા બે મહત્વપૂર્ણ પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.જે અંતર્ગત ૩. ૨૫ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનનું તેમજ લુવારા-ગોરડકા માર્ગ પર ૩. ૧ કરોડના ખર્ચે નિર્માણ પામેલા પુલનું લોકાર્પણ કરી આ વિકાસકાર્યો ગ્રામજનોને સમર્પિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.





તારીખ : 28/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP
Solution@100%
www.headway.guru
908 124 1916



"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®

SUVARNA SAUBHAGYA UTSAV













અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના

ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ

શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

તારીખ : 28/11/2026

બહારવટિયા નહીં, હવે મહાપુરુષ કહો : મહંત શ્રી વલકુ બાપુ દાન બાપુ ની જગ્યા સલાળા વાવડીમાં વીર રામવાળા બાપુના સ્ટેચ્યુનું ભૂમિપૂજન વલકુ બાપુના હસ્તે થયું સૌથી નાની ઉંમરમાં અન્યાય સામે લડત નો બારવટુ. ભુપતભાઈ દડવા





વાવડી....કનુભાઈ વરુ

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના વાવડી ગામના વીર રામવાળા બાપુનું સ્ટેચ્યુનું ભૂમિ પૂજન દાન મહારાજ જગ્યા ના મહંત શ્રી વલકુ બાપુના હસ્તે થયું વલકુ બાપુના હસ્તે ભૂમિનું સ્ટેચ્યુનું ખાતમુરત થયું હતું સલાળા નજીક વાવડી ગામ આવેલું છે જે રામ બાપુ ની વાવડી તરીકે આજે પણ પ્રખ્યાત છે તેમજ ચૂની ડેલી ને ચૂના ડાયરા ચુના લાગે વાવડી ગામ ની બજાર કાળુભા ના કુંવર દિવાળીબેન આ ગીત લોકપ્રિય ગાયુ અને ગુજરાત તો શું રાજસ્થાનમાં પણ આજે ગવાય છે. આજે વીર રામવાળા બાપુનું ભૂમિ પૂજન સલાળા દાન મહારાજ ની જગ્યા ના મહંત શ્રી વલકુ બાપુના હસ્તે રાખવામાં આવ્યું હતું.

આ ભૂમિ મહાપુરુષોની છે

આ પ્રસંગે મહંત શ્રી વલકુ બાપુએ જણાવ્યું કે આ ભૂમિ સૌરાષ્ટ્ર એટલે મહાપુરુષો જન્મભૂમિ છે આપણે હવે રામવાળા જોગીદાસ ખુમાણ કે સાપરાજ વાળા એ બાવા વાળા જેવા મહાન પુરુષોને બારવટીયા તરીકે શબ્દનો ઉપયોગ કરવો ન જોઈએ કારણ કે તે દયાળુ વટ વચન વાળા હતા અને જે તે સમયે ભાષાની જે યાદ કેણીમાં શબ્દ વપરાતો હજી પણ અમુક લોકો ઉપયોગ બોલવામાં કરે છે જે વર્ષો પહેલાંના સમયમાં તે સમય અનુસાર હતી પરંતુ અત્યારે બારવટીયા બોલવાના બદલે આવા મહાપુરુષોને મહાપુરુષ તરીકે સંબોધન કરવું જોઈએ કારણ કે જે તે વખતે સમયની આવી ભાષા હતી તે બદલી અને હવે આવા નિખાલસ શૂરવીર ગૌ માતાને પ્રજાના રક્ષણ માટે જે ખપી ગયા તેને બારવટીયા શબ્દને બદલે મહાપુરુષ શબ્દ બોલવું જરૂર છે સમય સાથે આવી ભાષા પણ બદલવી પડે છે આવા ભગીરથ કાર્યો કરનારને મહાપુરુષ શબ્દ જ શોભશે

યુવા પેઢીને સંસ્કારની ટકોર

તેમજ આજની આપણી યુવા પેઢી શિક્ષણ તરફ વધુમાં વધુ જોડાય અને શિક્ષણ માટે આપણે દૂર મૂકી આવીએ છીએ ત્યારે આપણે અમુક સમયે બાળકોને પણ સંસ્કારનું અને ચિંતન કરાવવું જોઈએ ભલે આપણે ધંધાથી અલગ થઈ ગયા હોય પણ બાળકો કે વડીલો સાથે જોડાણ રાખવું જોઈએ જેથી આપણી સંસ્કૃતિ સંસ્કાર પણ જળવાઈ અને આપણી પેઢીઓને પણ જૂની પુરાણી આપણી રીત રિવાજ પેરવાસ તે ભુલાય નહી તે માટે અલગ હોવા છતાં આપણા કાઠી સમાજ કુટુંબ ભાઈ ગુજરગો પરિવાર સાથે જોડાણ અને સંકલન કાયમી રાખવું જોઈએ તેવી ટકોર પણ પૂજ્ય દાન મહારાજ





જગ્યાના મહંત શ્રી વલકુ બાપુએ આ પ્રસંગે કહી હતીબે-ત્રણ મહિના પછી સ્ટેચ્યુ ઊભું થશેસદાય માટે રામ વાળા બાપુ પ્રત્યે સદાય લાગણી ધરાવતા કોઈપણ કાર્યક્રમ હોય તેમાં હર હંમેશ હોય તેવા શ્રી ભુપતભાઈ દડવા એ જણાવ્યું કે સમય શુકન મુરત અનુકૂળ ન હોવાથી માત્ર ખાતમુરત પૂજન ઝડપથી કરવા માટે મોટું કોઈ આયોજન કરવામાં આવ્યું ન હતું

બે-ત્રણ મહિના પછી મહાપુરુષ રામવાળાનું સ્ટેચ્યુ ઊભું કરવામાં આવશે

પહેલા આગેવાનોની મિટિંગ મળશે અને ત્યાર પછી તારીખ નક્કી થશે ત્યારે આયોજન કરવામાં આવશે અને whatsapp અને મેસેજથી તમામને બોલાવવામાં આવશે અને મુરત ન હોવાથી આ ખાતમુરત ઝડપથી કરવાની ફરજ પડી હતી તેમ શ્રી ભુપતભાઈ દડવાવાળાએ જણાવ્યું હતું.

પંચધાતુનું નવ ફૂટનું ઘોડાવાળું સ્ટેચ્યુ બનશે

આ પ્રસંગે રામ બાપુ વાળાના પરિવારના સરપંચ શ્રી રણુભાઈ વાળાએ જણાવ્યું કે પંચ ધાતુની નવ ફૂટ ઉપરાંતની ઘોડાવાળી રામ બાપુનું ટેસ્યું બનાવવામાં આવશે જે કલાત્મક હશે અને ઓરીજનલ કરવા માટેનો અમારો પ્રયાસ છે અને રામ બાપુ એક દયાવાન પુરુષ હતા ભોળા પુરુષ હતા જેની વીરતા અને નામના મેઘાણીએ પણ પુસ્તકોમાં સુવર્ણ અક્ષરે લખેલી છે એવા વીર પુરુષને સમગ્ર કાઠી સમાજ માટે ગૌરવ રૂપ હોય જેથી તેની યાદ રૂપે વાવડી ગામે સ્ટેચ્યુ કરવામાં આવશે અત્રે ઉલ્લેખની છે તેમ કે રામ બાપુએ દેહ સોડિયો એ ગોરીયા ગાળા ગિરનારમાં જગ્યા અને ખાંભી આવેલી છે ત્યાં આજે પણ આગેવાનો તેમની ખાંભીએ જઈ અને પૂજનવિધિ શાસ્ત્રી શ્રી હસુ દાદા ભટ્ટ કરી અને રાજીપો વ્યક્ત કર્યો હતો આજે નાનકડા એવા વાવડી ગામમાં અને સમગ્ર કાઠી સમાજમાં આ ટેસ્યું ઊભું કરવા માટે ખાતમુરત ભૂમિ પૂજન થયું જે સમાજ માટે અને વાવડી ગામમાં ભારે હર્ષની લાગણી હતી આજે પણ આપણા લોક કવિઓ અને ડાયરામાં સૌથી વધુ રામવાળા બાપુના ગીતો સપાકડા યાદ કરીને ગાય છે અને રાજસ્થાનમાં પણ રામવાળા ના રાસડા પાટુ મારી પટાળો ભાંગિયો એ ગીત રાજસ્થાનમાં પણ લોકપ્રિય છે અંગ્રેજોની બાયો પણ કેવો રામવાળો એવા ગીતો આપણા કલાકારોએ પણ ગીતમાં રામવાળાને હજી આપણી સમક્ષ ખડા કરી દે કેવી વાર્તાઓ પણ કાનજી ભુટા બારોટ જેવા એ કરી હતી તેવા રામવાળા ને અન્ય સમાજ યાદ કરતો હોય તો તમારે કેમ ભૂલી શકે આજે રામવાળા જૂની ડેલીમાં પ્રાણ પૂરવા માટે યાદગરી માટે શ્રી રણુભાઈ વાળાએ ભગીરથ કાર્ય કરી રહ્યા છે તે પ્રસંગે

રામવાળા ની વાવડીમાં આજે એ ગઢ મુખ્ય મહેમાન એવા પરમ પૂજ્ય દાનબાપુ ની જગ્યા ના મહંત શ્રી વલકુ બાપુ તથા દડવા ભુપતભાઈ વાળા તથા પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય શ્રી પીઠુભાઈ બોરીસા તથા પૂર્વ સરપંચ શ્રી ભુપતભાઈ ધાખડા તથા પ્રતાપભાઈ વાળા ગોપાલગ્રામ અને સરપંચ શ્રી રણુભાઈ વાળા તથા મેરામભાઈ વાળા બાપ ભાઈ વાળા નિવૃત્ત શિક્ષક હસુભાઈ આ ટૂંકા ગાળાના નાના કાર્યક્રમમાં વાવડી આજુબાજુના કાઠી ક્ષત્રિય સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા આ નાનો પણ ભવ્ય કાર્યક્રમથી આ વિસ્તારમાં હર્ષની લાગણી છે અત્રે ઉલ્લેખની છે કે રામવાળા બાપુના જુના મકાનો તથા રામવાળાએ બહારવટુ શરૂ કર્યું તે શેરી તેમજ જે તે વખત પાટુ મારેલ તે પટારો જુનવાણી અનેક વસ્તુઓ પણ વાવડી ગામમાં જોવા મળે છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 28/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

તૃતિય વાર્ષિક પુણ્યતિથિએ

અશ્રુભીની શ્રધ્ધાંજલી



સ્વ. બાલકૃષ્ણભાઈ રત્નાભાઈ પરમાર

(ઉ.વ.૫૪) (સ્વ. તા. ૨૮/૧૧/૨૩, મંગળવાર), ખાદી કાર્યાલય, સા.કું.

સ્વભાવમાં સહજતા, વ્યવહારમાં સંતુલન, હકારાત્મક અભિગમ,
મન-વચન-કર્મની નિષ્ઠા, સ્વયંશિસ્ત, પોલાદી મનોબળ
અને ધૈર્ય એવા અનેક પાસાઓનો સમન્વય આપના વ્યક્તિત્વની
ઓળખ હતી. આપના દિવ્ય આત્માને ભાવપુર્વક વંદન..

* રત્નાભાઈ બી. પરમાર (પિતા)
* પ્રભાબેન રત્નાભાઈ પરમાર (માતા)
* ઉર્મિલાબેન બાલકૃષ્ણભાઈ પરમાર (પત્ની)
* યોગેશકુમાર રત્નાભાઈ પરમાર (ભાઈ)
* નવીનકુમાર રત્નાભાઈ પરમાર (ભાઈ) (સાર્વજનિક હોસ્પિ., સા.કું.)
* વનિતાબેન નવીનકુમાર પરમાર (ભાઈની પત્ની)
* હિના બાલકૃષ્ણભાઈ પરમાર (પુત્રી) (અર્બન હેલ્થ સેન્ટર, સા.કું.)
* ચિરાગ બાલકૃષ્ણભાઈ પરમાર (પુત્ર)
* જૈમિન નવિનકુમાર પરમાર (ભત્રીજો)
* હેત્વી નવીનકુમાર પરમાર (ભત્રીજી)

પરમાર પરિવારનાં
જય માતાજી

કે.ડી NEWS

તારીખ : 28/11/2026

વંડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજાઈ, આરોગ્ય સેવાઓ વધુ સુદૃઢ બનાવવા અપાયું માર્ગદર્શન



સાવરકુંડલા તાલુકાના વંડા ગામે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં આરોગ્ય કેન્દ્રની કામગીરી, દર્દીઓને ઉપલબ્ધ કરાવવામાં આવતી આરોગ્ય સુવિધાઓ તેમજ આરોગ્ય સેવાઓની ગુણવત્તા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.બેઠક દરમિયાન ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને સમયસર, ગુણવત્તાયુક્ત અને સુલભ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ સુવિધાઓને વધુ અસરકારક બનાવવા તથા દર્દીઓને વધુ સારી સારવાર અને સેવાઓ મળી રહે તે બાબતે પણ ભાર મૂકવામાં આવ્યો હતો.આ તકે આરોગ્ય વિભાગના અધિકારીઓ, તબીબી અધિકારીઓ, આરોગ્ય કર્મચારીઓ તથા રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



તારીખ : 28/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ફાયદો...ફાયદો...ફાયદો...
દુકાન બંધ કરવાનાં હિસાબે

125 વાળા ટુવાલ 160 માં
2 નંગ * 80 વાળા ટુવાલ
110 માં 2 નંગ

રીયોન ફ્રેસનાં કાપડના ટાંકા
હોલસેલ ભાવે આપી દેવાના છે.
જેવી તમામ આઈટમો વહેલા તે પહેલા

નોંધ : દુકાન બંધ હોય તો ફોન કરી સંપર્ક કરવો...

ગાંધીચોક, ખોડીયાર ફોટો ફ્રેમ બાજુમાં,
મનુભાઈ પોરબંદરવાળા - 94094 43338

ડે.કે. NEWS

તારીખ : 28/11/2026

અમરેલી જિલ્લામાં ૩૭૧ વિદ્યાસહાયકોને સ્થળ પસંદગી બાદ નિમણૂક હુકમો એનાયત કરાયા



અમરેલી જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે નવી શક્તિનો ઉમેરો થયો છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાસહાયક ભરતી-૨૦૨૬ અંતર્ગત ધોરણ ૧થી ૫ (ગુજરાતી માધ્યમ) માટે મેરીટના આધારે ફાળવવામાં આવેલા કુલ ૩૭૧ ઉમેદવારો માટે તા. ૨૭ નવેમ્બર, ૨૦૨૬ના શુક્રવારના રોજ જિલ્લા શિક્ષણ સમિતિ, અમરેલી દ્વારા સ્થળ પસંદગી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.અમરેલી ખાતે કે.કે. પારેખ અને આર.પી. મહેતા વિદ્યાલયના લીલીવતી બિલ્ડીંગ, સિવિલ હોસ્પિટલ સામે યોજાયેલા આ કેમ્પમાં ઉમેદવારોએ પોતાની પસંદગી મુજબ સ્થળ પસંદગીની પ્રક્રિયામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે પ્રતીકાત્મક રીતે વિદ્યાસહાયકોને નિમણૂક હુકમો માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ મોર્ય સાહેબના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ડેલિગેટશ્રી સંજયભાઈ તારપરા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી કે.વી. મિયાણી, માન્ય શિક્ષક સંઘના પ્રતિનિધિઓ તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાના શિક્ષણ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નિમણૂક મેળવવા આવેલા ઉમેદવારો અને તેમના વાલીઓની પણ બહોળી ઉપસ્થિતિ જોવા મળી હતી.આમ, અમરેલી જિલ્લામાં ૩૭૧ વિદ્યાસહાયકોની સ્થળ પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થતાં પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ કદમ લેવાયું છે. નવા નિમણૂક પામનાર વિદ્યાસહાયકોના આગમનથી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ કાર્યને વધુ વેગ મળશે અને બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડવામાં સહાયરૂપ બનશે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 28/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કારીગર જોઈએ છે...

વેલ્ડીંગ કામ

કલર કામ * હેલ્પર

માટેના કારીગર

જોઈએ છે...

: સંપર્ક :

મો. 98243 55632

તારીખ : 28/11/2026

દીકરીઓના જન્મને પ્રોત્સાહન આપવા અમરેલી જિલ્લામાં વિશેષ જનજાગૃતિ અભિયાન હાથ ધરાશે



અમરેલી ખાતે જિલ્લા ડિસ્ટ્રિક્ટ એડવાઇઝરી કમિટી (P C - P N D T) ની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં બાળલિંગ પ્રમાણની સ્થિતિ, આરોગ્ય સેવાઓની કામગીરી તેમજ દીકરીઓના જન્મને પ્રોત્સાહન આપવા માટે હાથ ધરાનારા વિવિધ પગલાં અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.કમિટીના ચેરમેન ડૉ. ગજેરાની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન અગાઉની બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી. આ ઉપરાંત નવા તથા રિન્યુઅલ રજિસ્ટ્રેશન અને મંજૂરી માટે રજૂ થયેલી અરજીઓ અંગે પણ જરૂરી નિર્ણય લેવામાં આવ્યા હતા.બેઠકમાં અમરેલી જિલ્લાના બાળલિંગ પ્રમાણની તાલુકાવાર સમીક્ષા કરવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં બાળલિંગ પ્રમાણમાં સકારાત્મક સુધારો જોવા મળ્યો હોવાની નોંધ લેવામાં આવી હતી. જોકે, તાલુકાવાર આંકડાઓના વિશ્લેષણ દરમિયાન જે તાલુકાઓમાં બાળલિંગ પ્રમાણ ઓછું જણાયું છે ત્યાં દીકરીઓના જન્મ અંગે લોકોમાં જાગૃતિ વધે તે માટે વિશેષ જનજાગૃતિ કાર્યક્રમો યોજવા સૂચના આપવામાં આવી હતી.સાથે જ ઓછું બાળલિંગ પ્રમાણ ધરાવતા તાલુકાઓમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવા સ્ટિંગ અને ડિકોય ઓપરેશન હાથ ધરવા અંગે પણ ભાર મૂકવામાં આવ્યો હતો. દરેક ક્લિનિકનું ૧૦૦ ટકા વેરિફિકેશન થાય તે સુનિશ્ચિત કરવા તમામ તાલુકા હેલ્થ ઓફિસરોને ખાસ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી હતી.આ બેઠકનો મુખ્ય હેતુ દીકરીઓના જન્મને પ્રોત્સાહન આપવા, બાળલિંગ પ્રમાણમાં વધુ સુધારો લાવવા તથા PC-PNDT કાયદાના અસરકારક અમલીકરણ દ્વારા સમાજમાં દીકરીઓ પ્રત્યે સકારાત્મક અભિગમ કેળવવાનો રહ્યો હતો.

તારીખ : 28/11/2026

સાદગી અને માણસાઈથી દિલ જીતતા સાંસદ ભરતભાઈ સુતરીયા







અમરેલી લોકસભાના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયાનો એક હૃદયસ્પર્શી વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. રસ્તામાં મળેલા એક નાનકડા મિત્રને કાર્યાલયે આમંત્રિત કરી તેમની સાથે ચાની ચુસ્કી માણી, હળવી વાતચીત કરી અને ખબરઅંતર પૂછતી તેમની આત્મીય પળો લોકોનું ધ્યાન ખેંચી રહી છે. ઉચ્ચ હોદ્દા પર હોવા છતાં સામાન્ય નાગરિકો સાથેનો તેમનો સહજ અને પ્રેમાળ વ્યવહાર તેમની સાદગી અને નમ્રતાની પ્રતીતિ કરાવે છે. આ વીડિયોને લઈને લોકોમાં સાંસદશ્રીના સરળ સ્વભાવની પ્રશંસા થઈ રહી છે.હોદ્દો ઓળખ આપે છે, પરંતુ સાદગી અને માણસાઈ જ લોકોનાં હૃદયમાં સ્થાન અપાવે છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 28/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Happy Birthday



નાગરિક સહકારી બેંકના એમડી,
નગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર અને એડવોકેટ

શ્રી ગૌતમ સાવજ

ને જન્મદિવસ ની શુભેરછા

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 28/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

JTC HOLIDAYS
Beyond The Imagine

પ્રવાસની પરફેક્ટ શરૂઆત
અમારી સાથે

- હનીમૂન ટુર
- ગ્રુપ ટુર
- કોર્પોરેટ ટુર
- ડોમેસ્ટિક ટુર
- ઈન્ટરનેશનલ ટુર
- એક્ઝિબિશન ટુર
- સ્ટુડન્ટ ટુર
- એડવેન્ચર ટુર
- સફારી ટુર
- ડેઝર્ટ ટુર
- ધાર્મિક ટુર

A To Z Tours નું પ્લાનિંગ અને પેકેજીંગ
બેસ્ટ પ્રાઈઝ તેમજ બેસ્ટ સર્વિસ અમે આપીશું

પ્લાન છે ફરવાનો ?
એકવાર અમારો સંપર્ક કરો
યાદગાર ટુરની ગેરંટી

EXPLORE THE WORLD WITH JOY
KHUSHI TOURISM


khushi_tourism_ | મો 94264 58189

Luxury awaits,
Memories stay

કે.ડી NEWS

તારીખ : 28/11/2026

ગુજરાતી સાહિત્યના અમર સર્જક કવિ કરસનદાસ માણેકની જન્મજયંતીએ ભાવભીની શબ્દાંજલિ



ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ, વાર્તાકાર, નિબંધકાર અને ચિંતક શ્રી કરસનદાસ નરસિંહ માણેકની આજે તા. ૨૮ નવેમ્બરના રોજ જન્મજયંતી છે. તેમનો જન્મ તા. ૨૮ નવેમ્બર, ૧૯૦૧ના રોજ કરાંચી ખાતે થયો હતો. તેમનું મૂળ વતન જામનગર જિલ્લાનું હડિયાણા ગામ હતું. 'વૈશંપાયન', 'પદ્મ' અને 'વ્યાસ' જેવા ઉપનામોથી સાહિત્યસર્જન કરનાર કરસનદાસ માણેકે ગુજરાતી સાહિત્યને પોતાની આગવી કલમથી સમૃદ્ધ બનાવ્યું હતું.તેમની રચનાઓમાં ભક્તિભાવ, માનવતા, સંવેદના, રાષ્ટ્રપ્રેમ અને જીવનદર્શનનો સુંદર સમન્વય જોવા મળે છે. 'જીવન અંજલિ થાજો', 'હરિનાં લોચનિયાં', 'રામ તારો દીવડો', 'વૈશંપાયનની વાણી' સહિતની તેમની રચનાઓ આજે પણ ગુજરાતી સાહિત્યપ્રેમીઓના હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે. કવિ તરીકેની સાથે તેમણે વાર્તાકાર, નિબંધકાર અને પત્રકાર તરીકે પણ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

તા. ૧૮ જાન્યુઆરી, ૧૯૭૮ના રોજ તેમનું અવસાન થયું હતું, પરંતુ તેમની કલમમાંથી વહેતી સાહિત્યની સરવાણી આજે પણ ગુજરાતી ભાષા અને સાહિત્યને સતત સમૃદ્ધ કરી રહી છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 28/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

બ્રાન્ડ તો બનાવવી જ પડે..



ડીઝીટલ પ્લેટફોર્મ પર
હરણફાળ ભરનાર

પ્રકાશ પ્રિન્ટર્સ

હંમેશા એક કદમ આગળ...

તમારો પોતાના ધંધો ઓનલાઈન લાન્ચ કરો
અને બનાવો તમારા પોતાના

ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ
તમારા બિઝનેસને આપો

એક નવી ડિજિટલ ઓળખ !

માત્ર
299
+ GST
પ્રતિ વર્ષ

- તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
- તમારી પ્રોફાઇલની પોતાની Shareable Link
- Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
- તમારા બિઝનેસ માટે Video Gallery
- Customer Reviews દર્શાવવાની સુવિધા
- WhatsApp Direct Contact ની સુવિધા
- Google Map Location ઉમેરવાની સુવિધા
- તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
- તમારી Digital Profile માટે QR Code
- Digital Visiting Card બનાવવાની સુવિધા
- Mobile, Laptop અને Tablet દરેક ડિવાઇસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

વધુ માહિતી માટે સંપર્ક :

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. 94095 45745

પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ

ડિઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ,
ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....

K.K NEWS

તારીખ : 28/11/2026

અમરેલી જિલ્લામાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૭નો પ્રારંભ: તા. ૨૬ ડિસેમ્બર સુધી નામ નોંધણી અને સુધારા કરાવી શકાશે









અમરેલી જિલ્લાના ૧,૩૯૫ મતદાન મથકો પર ખાસ મતદાર નોંધણી ઝુંબેશ યોજાશે

તા. ૨૯ નવેમ્બર, તા. ૬ અને ૧૩ ડિસેમ્બર (રવિવાર)ના રોજ ખાસ મતદાર નોંધણી ઝુંબેશ: મતદાન મથકો પર BLO ઉપસ્થિત રહેશે૦૦૦૦૦અમરેલી તા. ૨૭ નવેમ્બર,૨૦૨૬ - ભારતના ચૂંટણીપંચ દ્વારા તા. ૦૧.૦૧.૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૭ જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે આજરોજ અમરેલી જિલ્લામાં તા. ૨૭.૧૧.૨૦૨૬ના રોજ મુસદ્દા મતદારયાદીની પ્રસિદ્ધિ કરવામાં આવી હતી. આ અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી -વ- જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમને મુસદ્દા મતદારયાદીની નકલ આપવામાં આવી હતી. તેમજ હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાના સમયગાળા તથા ખાસ ઝુંબેશના દિવસો બાબત માહિતગાર કરવામાં આવ્યા હતા. જિલ્લાના તમામ નાગરિકોને પોતાનું નામ મુસદ્દા મતદારયાદીમાં ચકાસી લેવા અનુરોધ કરવામાં આવે છે. તા. ૨૭.૧૧.૨૦૨૬ (શુક્રવાર) થી તા. ૨૬.૧૨.૨૦૨૬ (શનિવાર) સુધીના હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાના સમયગાળા દરમિયાન તા. ૦૧.૦૧.૨૦૨૭ની સ્થિતિએ લાયકાત ધરાવતા ભારતના નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવી શકશે, તેમજ મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં સુધારા કરાવી શકશે. આગામી તા. ૨૯.૧૧.૨૦૨૬ (રવિવાર), તા. ૦૬.૧૨.૨૦૨૬ (રવિવાર) તેમજ તા. ૧૩.૧૨.૨૦૨૬ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશના દિવસો હોવાથી જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૯૫ મતદાન મથકો ખાતે બુથ લેવલ અધિકારીઓ (BLO) સવારના ૧૦.૦૦ કલાકથી સાંજના ૦૫.૦૦ કલાક સુધી ઉપસ્થિત રહી મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા અને કમી માટેના ફોર્મ્સ સ્વીકારશે. જિલ્લામાં વસવાટ કરતા દેશના યુવા નાગરિકો વધુમાં વધુ મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી-વ-કલેકટરશ્રી, અમરેલી તરફથી જાહેર અપીલ કરવામાં આવે છે. વધુ માહિતી માટે મતદારો ભારતના ચૂંટણીપંચના મતદાર હેલ્પલાઈન નંબર (ટોલ ફ્રી) ૧૯૫૦ પર સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકશે. આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી સહિત અમરેલી જિલ્લાના પ્રાંત અધિકારી સર્વશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 28/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક







અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને
રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન,
બેબી શાવર ડેકોરેશન ની
તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

નારોલા

લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

કે.કે NEWS

તારીખ : 28/11/2026

પોરબંદર–દાદર ટ્રેન નંબર 19016/19015ની જાળવણીની કામગીરીમાં કામચલાઉ ફેરફાર, કેટલાક કોચની સંખ્યામાં પણ કામચલાઉ ઘટાડો કરાશે

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના પોરબંદર રેલવે સ્ટેશન યાર્ડમાં હાલની પિટ લાઈનના પુનર્નિર્માણ તેમજ આશરે 300 મીટર લાંબી જૂની પિટ લાઈનને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરી માટે 105 દિવસનો ટ્રાફિક બ્લોક (TWO) પ્રસ્તાવિત છે. આને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર 19016/19015 પોરબંદર–દાદર એક્સપ્રેસની પ્રાથમિક જાળવણી (Primary Maintenance) વ્યવસ્થામાં કામચલાઉ ફેરફાર કરવામાં આવ્યો છે.આ ફેરફાર હેઠળ ટ્રેન નંબર 19016/19015ની પ્રાથમિક જાળવણી પોરબંદરના બદલે મુંબઈ સેન્ટ્રલ (MMCT) ખાતે કરવામાં આવશે. આ વ્યવસ્થા 01 ફેબ્રુઆરી, 2027થી આગામી સૂચના ન મળે ત્યાં સુધી અમલમાં રહેશે.આ ઉપરાંત, મુંબઈ સેન્ટ્રલ ખાતે રેક ઊભો રાખવા માટે મર્યાદિત જગ્યા ઉપલબ્ધ હોવાને કારણે ટ્રેન નંબર 19016/19015ની કોચ રચનામાં પણ કામચલાઉ ફેરફાર કરવામાં આવ્યો છે. આ અંતર્ગત ટ્રેનમાં કુલ ચાર કોચ ઘટાડવામાં આવશે. સુધારેલી કોચ રચના સાથે ટ્રેન નંબર 19015 દાદરથી 02 ફેબ્રુઆરી, 2027થી અને ટ્રેન નંબર 19016 પોરબંદરથી 03 ફેબ્રુઆરી, 2027થી આગામી સૂચના ન મળે ત્યાં સુધી ચલાવવામાં આવશે.આ ટ્રેનમાંથી બે સ્લીપર શ્રેણીના કોચ, એક થર્ડ એસી શ્રેણીનો કોચ અને એક ફર્સ્ટ કમ સેકન્ડ એસી શ્રેણીનો કોચ કામચલાઉ ધોરણે કમ કરવામાં આવશે.પોરબંદર યાર્ડમાં પિટ લાઈનના પુનર્નિર્માણની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી આ કામચલાઉ વ્યવસ્થા અમલમાં રહેશે અને કામગીરી પૂર્ણ થયા બાદ અગાઉની જાળવણી તથા કોચ રચનાની વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવામાં આવશે.રેલવે પ્રશાસન મુસાફરોને વિનંતી કરે છે કે આ ટ્રેનમાં મુસાફરીનું આયોજન કરતી વખતે સુધારેલી કોચ રચના તથા અમલી તારીખોનું ખાસ ધ્યાન રાખે અને મુસાફરી સંબંધિત નવીનતમ માહિતી મેળવ્યા બાદ જ પોતાની મુસાફરી સુનિશ્ચિત કરે.

અતુલ કુમાર ત્રિપાઠી
વરિષ્ઠ મંડલ
વાણિજ્ય પ્રબંધક
પશ્ચિમ રેલવે,
ભાવનગર મંડલ

કે.ડી NEWS

તારીખ : 28/11/2026

પ્રિ-આર.ડી. કેમ્પમાં ગુજરાત કન્ટીજન્ટ લીડર તરીકે ડૉ. નિરૂપા જી. ટાંકની પસંદગી : અમરેલીની માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ માટે ગૌરવપ્રદ સિદ્ધિ





શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ, અમરેલીના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) એકમનાં પ્રોગ્રામ ઑફિસર ડૉ. નિરૂપા જી. ટાંકની પ્રિ-રિપબ્લિક ડે (Pre-RD) કેમ્પમાં ગુજરાત કન્ટીજન્ટ લીડર તરીકે પસંદગી કરવામાં આવી હતી. આ પસંદગી કૉલેજ, યુનિવર્સિટી તેમજ સમગ્ર ગુજરાત માટે ગૌરવ અને પ્રતિષ્ઠાની બાબત બની છે.આ કેમ્પ અંતર્ગત ગુજરાત, દીવ અને દમણ રાજ્યનું પ્રતિનિધિત્વ કરતી 46 સ્વયંસેવકોની ટીમ, જેમાં 23 વિદ્યાર્થિની બહેનો અને 23 વિદ્યાર્થીભાઈઓનો સમાવેશ થતો હતો, જેની સાથે ડૉ. નિરૂપા ટાંકે હૈદરાબાદ ખાતે તારીખ 10/11/2026 થી 19/11/2026 સુધી આયોજિત દસ દિવસીય તાલીમ શિબિરમાં ટીમ લીડર તરીકે સહભાગીતા નોંધાવી હતી. આ તાલીમ શિબિર દરમિયાન સ્વયંસેવકોને વિવિધ શિસ્તબદ્ધ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓની તાલીમ આપવામાં આવી હતી.

કેમ્પ દરમિયાન ડૉ. નિરૂપા ટાંકે ગુજરાત કન્ટીજન્ટ લીડર તરીકે ટીમના સંચાલન અને માર્ગદર્શનની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી હતી. યોગ, પરેડ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વયંસેવકોની શિસ્ત, આરોગ્ય અને તબીબી જરૂરિયાતો સહિતની વિવિધ જવાબદારીઓનું કુશળતાપૂર્વક વહન કર્યું હતું. તેમની કાર્યનિષ્ઠા, નેતૃત્વક્ષમતા, જવાબદારી પ્રત્યેની નિષ્ઠા અને સ્વયંસેવકો સાથેના સંકલનને પરિણામે તેમને NSS પ્રોગ્રામ ઑફિસર તરીકે સન્માન પણ પ્રાપ્ત થયું હતું.

આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સન્માન પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે કૉલેજની શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની ગુણવત્તા, NSSની સેવાભાવનાની પરંપરા તથા યુવા શક્તિના ઘડતરમાં કૉલેજના યોગદાનને પણ ઉજાગર કરે છે.ડૉ. નિરૂપા જી. ટાંકની આ સિદ્ધિ બદલ કૉલેજ પરિવાર, અમરેલી જિલ્લા વિદ્યાસભા તથા સંબંધિત સૌએ અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ આવી જ ઉત્કૃષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

K.D NEWS

ના પ્લેટફોર્મ પર


જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...


અને આપે છે

વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો





















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 28/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરૂદેવ કહે છે...

“

જાલિમ પણ દુઃખો સહ્ય બને છે
જો એને આવતીકાલ હોય તો !
પણ મોત તો કદાચ વેદના વિનાનું
હોય તોય અસહ્ય છે કારણ કે
એને આવતીકાલ જ નથી.
મોતને માત્ર સહ્ય જ નહીં,
મસ્ત પણ બનાવવું છે. તો જીવનને
સદ્‌ગુણોથી મઘમઘતું બનાવી દો.

”



આચાર્ય વિજય રત્નસુંદર
સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 28/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva

3590
28/11/2026
Saturday

❀ आत्मा ❀

किसी भी गुरु के शिष्यो
को जो बीमारीया अधिकतर
होगी "वही बिमारिया" गुरु
को होगी ही यह प्रकृती
का ही नियम होता है,

-बाबास्वामी
28/11/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

તારીખ : 28/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ગલગલીયા

એક ભાઈએ પૂછ્યું:"તમારા ઘરમાં નિર્ણય કોણ લે છે?" ભાઈ બોલ્યો:"હું લઉં છું..." "અને નિર્ણય શું છે એ કોણ નક્કી કરે છે?"ભાઈ: "એ મારી પત્ની નક્કી કરે છે!"

પરીક્ષામાં પ્રશ્ન આવ્યો:"આળસ શું છે?"વિદ્યાર્થીએ જવાબ લખ્યો:"આ પ્રશ્નનો જવાબ મને ખબર છે,પણ લખવાની આળસ આવે છે!"

એક મિત્ર બીજા મિત્રને:"તારો મોબાઈલ આખો દિવસ તારા હાથમાં જ હોય છે!"બીજો: "હા ભાઈ, શું કરું?"મિત્ર: "થોડો સમય પરિવારને પણ આપ."બીજો: "આપું છું ને... મોબાઈલનો પાસવર્ડ પણ બધાને આપી દીધો છે!"

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 28/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

28 નવેમ્બર

મહત્વની ઘટનાઓ

જન્મ

૧૯૦૧ – કરસનદાસ માણેક , ગુજરાતી કવિ, લેખક, નિબંધકાર (અ. ૧૯૭૮)

૧૯૦૬ – ઈન્દુમતી ચીમનલાલ શેઠ, ગુજરાત, ભારતના એક સ્વાતંત્ર્ય સેનાની, રાજકારણી, સામાજિક કાર્યકર અને કેળવણીકાર (અ. ૧૯૮૫)

અવસાન

૧૮૯૦ – મહાત્મા જ્યોતિબા ફુલે, સમાજ સુધારક (અ. ૧૮૨૭)

“જીવનમાં સફળતા મેળવવા માટે મોટા સપનાં જોવા કરતાં, દરરોજ નાનાં-નાનાં પ્રયત્નો પ્રામાણિકતાથી કરતા રહેવું વધુ જરૂરી છે, કારણ કે સતત પ્રયત્નો જ એક દિવસ સફળતાનું સરનામું બને છે.”

તારીખ : 28/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે



હોલસેલ ભાવે

નાની-મોટી


ચીઠ્ઠી બુક

વિદ્યાર્થીઓ માટે

૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની કોરી પસ્તી



SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 28/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 28/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

સાળંગપુરના આજના દર્શન



કે.ડી

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



97K

61K

45K

100K

સંપર્ક : મો. 94997 97973